# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૭/ક્વા-૨/૨૧-૨૨/૫૨૮૮-૧ તા.૦૯-૦૯-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG- ૭/ક્વા-૨/૨૧-૨૨**

| | |
|---|---|
| અરજદાર | : રમેશ પરશોતમભાઈ શિંગાળા ગામ: લીલી સાજડીયાળી |
| પેટા વિભાગીય કચેરી | : ત્રંબા |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે પરશોતમભાઈ દેવજીભાઈ શિંગાળા અને તેમની સાથે શિંગાળા વેદાંશી આર. હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જસદણ |
| રજૂઆત કરનાર | : કાર્યપાલક ઈજનેર શ્રી એસ.જી.દત્તાણી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જસદણ |

## :: ફોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૦૩-૦૯-૨૧ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૩-૦૯-૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્વારા તા.૧૬/૦૪/૨૦૨૧ ના રોજ ખેતીવાડી સોલાર પંપ ચાલતો ન હોવાના કારણોસર અરજદારે નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ છે. સદર જગ્યા પર અરજદાર દ્વારા અગાઉ ‘Solar Off Grid Pump Set” હેઠળ ગ્રાહક નં.૬૦૪૧૨/૦૫૫૬૬/૦ થી ખેતીવાડી વીજજોડાણ મેળવેલ. પરંતુ હાલ મોટર ચાલુ થતી નથી તેથી Solar Off Grid System ચાલતી ન હોય છેલ્લા

૦૬(છ) માસથી પાવર જનરેશન બંધ છે. આમ સદર વીજજોડાણ રદ કરી સર્વે નં.૨૯૫ પૈકી ૦૩ માં નવું ખેતીવાડી વીજજોડાણ મંજુર કરી આપવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલકે મુ.પો. લીલી સાજડીયાળી તા. અને જી. રાજકોટના અરજદાર શ્રી રમેશભાઈ પરસોતમભાઈ શિંગાળા ત્રંબા પેટા વિભાગીય કચેરી હેઠળના લીલી સાજડીયાળી ગામે તારીખ-૨૨.૧૨.૨૦૧૫ ના રોજથી ૦૫ હો.પા. કરારીત વિજભારનું સોલર એજી પંમ્પ વીજગ્રાહક નંબર-૬૦૪૧૨/૦૫૫૬૬/૦ થી ધરાવે છે જેનો ટેરિફ કોર્ડ SOAGP છે.

૩.૧ અરજદારના સદર વીજજોડાણમાં તારીખ-૨૧.૧૨.૨૦૨૦ના રોજ પાંચ વર્ષ પૂર્ણ થતા ગ્રાહક શ્રી રમેશભાઈ પરસોતમભાઈ શીંગાળા દ્વારા તારીખ-૦૭.૦૪.૨૦૨૧ ના રોજ સૌર ઉર્જા સંચાલિત વીજજોડાણ રદ કરવા અરજી કરેલ.

૩.૨ રાજ્યમાં ખેડુતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતે ત્રિપક્ષિય કરેલ કરારનામું હાલમાં ત્રંબા પેટા વિભાગીય કચેરી ખાતે રેકોર્ડ રૂમમાં ઉપલબદ્ધ ન હોય. દસ્તાવેજી પુરાવા તરીકે અન્ય વીજ ગ્રાહકનું કરારનામું સામેલ કરેલ. તેમજ ત્રંબા પેટા વિભાગીય કચેરી ખાતે ઉપલબદ્ધ ગ્રાહક શ્રી રમેશભાઈ પરસોતમભાઈ શીંગાળાના દસ્તાવેજી આધાર પુરાવાની નકલ રજુ કરેલ છે.

૩.૩ અરજદારશ્રી ના સદર સૌર ઉર્જા સંચાલિત વીજ જોડાણવાળા સિંચાઇ પંપ સેટમાં વીજવપરાશ કરવામાં આવે છે. હવે સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટની સમય મર્યાદા પૂર્ણ થતા અરજદાર શ્રી રમેશભાઈ પરસોતમભાઈ શિંગાળા દ્વારા સોલાર પંપ સેટનું હયાત વીજ જોડાણ રદ કરી તે જ સ્થળ પર નવું ખેતી વિષયક પરંપરાગત સામાન્ય યોજના હેઠળ વીજ જોડાણની માંગણી કરેલ છે.

૩.૪ ગુજરાત રાજ્યમાં ખેડુતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતના પરિપત્ર તેમજ ત્રિપક્ષિય કરેલ કરારની કુલ ૨૧ (એકવીસ) શરતો છે જેમાં શરત નંબર ૪ નીચે માં જણાવેલ છે કે “સદર જણાવેલ પંપ સેટ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી પાંચ વર્ષ સુધી પ્રથમ પક્ષકાર/વીજ વિતરણ કંપનીની રહેશે, પરંતુ તેની સારસંભાળ-મરંમત વગેરેની તમામ જવાબદારી ત્રીજા પક્ષકાર/સપ્લાયરની રહેશે. ત્યાર બાદ આ માલિકી લાભાર્થીને એ શરતે તબ્દીલ થશે કે આગામી પાંચ (૦૫) વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજજોડાણની માંગણી કરી શકશે નહિ.”

૩.૫ ઉપરોક્ત સોલાર પંપ સેટનું હયાત વીજ જોડાણ રદ કરવુંકે કેમ? તથા તે જ સ્થળ પર નવું વીજ જોડાણ આપવું કે કેમ? તે અંગે નિગમિત કચેરી રાજકોટને માર્ગદર્શન માટે પત્ર લખવામાં આવેલ છે જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૬ અરજદાર શ્રી રમેશભાઈ પરસોતમભાઈ શિંગાળા દ્વારા સોલાર પંપ સેટનું હયાત વીજ જોડાણ રદ કરી તે જ સ્થળ પર નવું ખેતી વિષયક પરંપરાગત સામાન્ય યોજના હેઠળ વીજ જોડાણની માંગણી કરેલ છે. રાજ્યમાં ખેડુતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતે સોલાર પંપ સેટનું હયાત વીજ જોડાણ રદ કરી તે જ સ્થળ પર નવું ખેતી વિષયક પરંપરાગત સામાન્ય યોજના હેઠળ વીજ જોડાણ આપવું કે કેમ જે અંગે રાજ્યમાં ખેડુતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતના પરિપત્રમાં તેમજ ત્રિપક્ષિય કરેલ કરારમાં સ્પસ્ટ થતું ન હોય જે એક નિતીવિષયક બાબત છે. સદર બાબતે વડી કચેરી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવાની જાણ કરવામાં આવશે ત્યારબાદ અરજદાર શ્રી રમેશભાઈ પરસોતમભાઈ શિંગાળાની અરજી બાબતે વડી કચેરીના માર્ગદર્શન મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર રમેશભાઈ પરસોતમભાઈ શિંગાળા ત્રંબા પેટા વિભાગીય કચેરી હેઠળ લીલી સાજડીયાળી ગામે સર્વે નં.૨૯૫ પૈકી ૦૩ માં તારીખ-૨૨.૧૨.૨૦૧૫ ના રોજથી ૦૫ હો.પા. કરારીત વિજભારનું સોલર એજી પંમ્પનું વીજગ્રાહક નંબર-૬૦૪૧૨/૦૫૫૬૬/૦ થી ટેરિફ કોર્ડ SOAGP હેઠળ ધરાવે છે. અરજદારે સદર Solar Off Grid System બંધ હોય જેથી છેલ્લા ૦૬(છ) માસથી પાવર જનરેશન થતું ન હોય તેવા કારણોસર તારીખ-૦૭.૦૪.૨૦૨૧ ના રોજ સૌર ઉર્જા સંચાલિત વીજજોડાણ રદ કરવા અરજી કરેલ છે.

૪.૩ રાજ્યમાં ખેડુતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતે ત્રિપક્ષિય કરેલ કરારનામું હાલમાં ત્રંબા પેટા વિભાગીય કચેરી ખાતે રેકોર્ડ રૂમમાં ઉપલબદ્ધ ન હોવાથી દસ્તાવેજી પુરાવા તરીકે અન્ય વીજ ગ્રાહકનું કરારનામું સામેલ કરેલ. તેમજ ત્રંબા પેટા વિભાગીય કચેરી ખાતે ઉપલબદ્ધ ગ્રાહક શ્રી રમેશભાઈ પરસોતમભાઈ શીંગાળાના દસ્તાવેજી આધાર પુરાવાની નકલ રજુ કરેલ છે તે મુજબ વિગતો નીચે મુજબ નોંધાયેલ છે.

- સૌર ઊર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ મેળવવા માટેની અરજીની તારીખ : ૧૮-૦૨-૨૦૧૫
- સોલાર પંપ માટે માંગેલ હો.પા. -૦૫ હો.પા.
- અરજદારને ભાવપત્રક અપાયાની તારીખ અને રકમ : તા.૧૧-૦૩-૨૦૧૫ રૂ.૨૪,૦૦૦/-
- એજન્સીનું નામ – રોટોમેગ મોટર્સ એન્ડ કન્ટ્રોલ્સ પ્રા. લી. ૨૧૦૨/૩&૪
  વિઠ્ઠલ ઉદ્યોગનગર, આણંદ પાસે, ગુજરાત – ૩૮૮ ૧૨૧
- વર્ક ઓર્ડર નં અને તા. **PGVCL/Project/Ag Solar Pump/Rotomag/353 Dtd:30-04-2015**
- ટાઈપ ઓફ મોટર પંપ સેટ : સબમર્શીબલ ડી.સી. મોટર પંપસેટ – બ્રશલેસ

૪.૪ રાજ્ય સરકારશ્રીના સૌર ઉર્જા સંચાલિત કૃષિ પંપ સેટ દ્વારા ખેડૂતોના કુવા / બોર ના વીજળીકરણની યોજના ઠરાવ તા.૨૫-૦૯-૧૪,તા.૨૬-૧૧-૨૦૧૪ અને તા.૦૨-૦૨-૨૦૧૫ અંતગર્ત અરજદાર દ્વારા કરાયેલ ત્રીપક્ષીય કરાર ની શરત નં ૦૪,૦૮,૧૪ અને ૨૦ નીચે મુજબ નોંધાયેલ છે.

શરત નં ૦૪ : "સદર જણાવેલ સોલાર પંપ સેટ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી પ્રથમ પક્ષકાર /વીજ વિતરણ કંપનીની રહેશે, પરંતુ તેની સારસંભાળ-મરંમત વગેરેની તમામ જવાબદારી ત્રીજા પક્ષકાર/ સપ્લાયરની રહેશે." ત્યારબાદ આ માલિકી લાભાર્થીને એ શરતે તબ્દીલ થશે કે આગામી ૦૫ (પાંચ) વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજ જોડણની માંગણી કરી શકશે નહિ.

શરત નં ૦૮ : "સોલાર પંપ સેટ બેસાડવાના ૫ (પાંચ) વર્ષની સમયગાળામાં અરજદાર/ખેડુત સોલાર પંપ સેટ બદલવાની, હટાવવાની કે અન્ય કોઇને વેચવાની, તબદીલ કરવાની માંગણી/વિનંતી કરી શકશે નહીં."

શરત નં ૧૪ : "સપ્લાયરે ૫ વર્ષની ગેરંટીના સમયગાળામાં બગડેલ ઉપકરણ/ભાગ ને ત્રણ(૩) દિવસની સમય મર્યાદામા સંપૂર્ણ વિના મુલ્યે દુરસ્ત/બદલી આપવાનો રહેશે. "

"શરત નં ૨૦ : "આ યોજનાના લાભાર્થી કે લાભાર્થીના વારસદારો એજ સર્વે નંબરમાં કે એ સર્વે નંબરના વિભાજિત થયેલા ટૂકડામાં પરંપરાગત કૃષિ વીજ જોડાણ મેળવવા માટે સોલાર ઉર્જા પમ્પ મેળવ્યાની તારીખથી ૫ (પાંચ) વર્ષ સુધી હક્કદાર રહેશે નહી."

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબ ની વિગતે - સૌર ઉર્જા સંચાલિત સોલાર પંપના વર્ક ઓર્ડરની શરત નં – ૧૬ મુજબ ગેરંટીનો સમયગાળો નીચે મુજબ છે.

"The solar photovoltaic water pumping system supplied and installed shall be guaranteed by you for a minimum period of Five Years from the date of last system commission in regard to quality of material, workmanship, performance, efficiency, installation, etc.... "

ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબ ની વિગતે, રોટોમેગ મોટર્સ એન્ડ કન્ટ્રોલ્સ પ્રા. લી., પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ લક્ષ્યાંક મુજબ છેલ્લો સોલાર પંપ તા.૨૪-૦૮-૨૦૧૬ ના રોજ ચાલુ કરેલ હોય તે મુજબ સદર એજન્સી દ્વારા સ્થાપિત કરાયેલ તમામ સોલાર પંપના ગેરેંટીનો સમયગાળો તા.૨૪-૦૮-૨૦૨૧ સુધીનો અમલમાં રહેશે. આ સમયગાળો પૂરો થઇ ગયો હોઈ, પી.જી.વી.સી.એલ. દ્વારા લાભાર્થીને સોલારપંપ તબ્દીલ કરવાની કાર્યવાહી કરવી તબ્દીલ ન થાય ત્યાં સુધી સોલાર પંપ ચાલુ રાખવાની કાર્યવાહી કરવી.

૪.૬ અરજદારની ફરિયાદ નોંધણી તા.૧૪-૦૭-૨૧ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ રજૂઆતનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા – અરજદારની મુખ્ય ફરિયાદ સૌર ઉર્જા સંચાલિત કૃષિ સોલાર પંપ બગડેલ છે / ચાલતો ન હોય તેમ જણાય છે જેથી અરજદાર સદર વીજજોડાણને બદલે પરંપરાગત કૃષિ વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ છે. સોલાર પંપ સેટ બંધ હોવાની ફરિયાદની જાણકારી પી.જી.વી.સી.એલ. પક્ષકાર ને હોવા છતાં – પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા લાગુ પડતી મુદ્દા નં ૪.૩ માં જણાવેલ એજન્સીને – સોલાર પંપના રીપેરીંગ / ચાલુ કરવા માટે ફરિયાદ નોંધાવેલ હોય તેવો રેકોર્ડ ફોરમ સમક્ષ રજુ કરેલ નથી.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ અને ૪.૬ મુજબની વિગતે અરજદારને પરંપરાગત કૃષિ વીજ જોડાણ આપવા અંગેની બાબત નીતિવિષયક હોય જે હાલ નિર્ણાયક માટે પડતર હોય અરજદારની સદર રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી પરંતુ અરજદારની સોલાર પંપ બંધ હોવાની ફરિયાદની જાણકારી પી.જી.વી.સી.એલ. પક્ષકાર ને તા.૦૭-૦૪-૨૧ ત્યારબાદ ફોરમમાં નોંધણી થયેલ ફરિયાદ તા.૧૪-૦૭-૨૧ જે પી.જી.વી.સી.એલ.ને જાણ હોવા છતાં સોલાર પંપ ચાલુ કરવા અંગેની કોઈ કાર્યવાહી કરાયેલ નથી. વધુમાં લાગુ પડતી એજન્સીને – સોલાર પંપ રીપેરીંગની કામગીરી માટે ગેરેંટીનો સમયગાળો તા.૨૪-૦૮-૨૦૨૧ સુધીનો હતો. જેથી અરજદારની ફરિયાદ ગેરેંટી પીરીયડમાં જ હતી. તેમ છતાં અરજદારનો સોલાર પંપ બંધ હોય જેથી સદર એજન્સીને નિયમાનુસાર સોલાર પંપ સેટ ચાલુ/રીપેરીંગ કરવાની કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ.ને સુચના આપવામાં આવે છે.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૯ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯